સમર્પણ

સદ્‌ગુરુદેવ તપસ્વી મુનિ શ્રી ડુંગરસી મહારાજની પવિત્ર સેવામાં

પૂજ્યવર્ય !

આપશ્રી સમક્ષ દીક્ષિત થયા પછી આપશ્રીએ મને જૈનાગમનાં રહસ્યો, તત્ત્વો અને જ્ઞેય ભાવનોનો અભ્યાસ કરાવી, મારા જીવનમાં જે જ્ઞાનરસ રેડયો છે તથા મારી સાહિત્ય લેખનની જીજ્ઞાસાને આપે હર્ષપૂર્વક વધારી લઇ તે માટે જે સાનુકૂળતાઓ આપી છે તેમજ મારા સંયમી જીવનને ઉત્તરોત્તર ઉત્કર્ષગામી બનાવવા આપ નિરંતર સુલક્ષી રહ્યા છો એ વગેરે આપના અનેક ઉપકારોનો બદલો હું આ જન્મે કે અનંત જન્મે પણ શી રીતે વાળી શકુ ? માત્ર મારા અંતરધ્વનિએ સંપાદિત કરેલો આ સ્તવનગ્રન્થ આપશ્રીના ચરણ કમળમાં અર્પી હું કંઈક અંશે ઋણ મુક્ત થવાનો આનંદ અનુભવું છું.

લી. આપનો વિનીત શિષ્ય

મુનિ જયંતીલાલજી

પ્રસ્તાવના

પરમાત્માની ઉપાસનાના અનેક પ્રકારો છે, તેમાં ભક્તિયોગ–સ્તવના એ વિશિષ્ટ જાતથી ઘણે સામાન્ય માણસો પણ અનુસરી શકે એવો પ્રકાર છે.

માનવે માનવે રુચિનો ફેરફાર જોવાય છે તેમ યુગે યુગે પણ રુચિમાં ભિન્નતા જોવાય છે. સંગીત માટે આજ યુગને 'તર્જોનો યુગ' મોટે ભાગે કહી શકાય. આજે મનુષ્યો સાત્ત્વિક ભોજનથી ખસી જઈ ચ્હા, ચેવડા અને ભજીયાંની મોજ પર ચડી છે તેમ સંગીતમાં પણ શાસ્ત્રીય, તાત્ત્વિક અને અસાધ્ય સંગીતમાંથી તર્જો ઉપર ઉતરી છે અને એવી તર્જોએ આજે અનેક મનુષ્યોને સંગીતમાં રસ લેતાં કરેલ છે.

આ તર્જો પરમાત્માની એકાગ્રતા સાધવામાં મદદ તો કેવું સારું, એમ મને લાગવાથી આજે ઠેર ઠેર ગવાતી સીનેમાની પવન લહેરી થઈ ગયેલી તર્જોને પરમાત્માના ગુણગાન કરતી તર્જો મેં બનાવીને અને સંકલિત કરીને જનતા સમક્ષ મૂકી છે. તે એવી આશાએ કે આજની જૈન પ્રજા સીનેમાની એ અધાર્મિક તર્જોને મૂકી પરમાત્માની સ્તુતિ રૂપ ધાર્મિક અને ભાવવાહી તર્જો ગાઈ પોતાના આત્માનો ઉદ્ધાર સાધે—એ [illegible] સ્તવન [illegible] પ્રભુ ભક્તિનો [illegible]

[illegible]

સાબરમતી [illegible] મુનિ [illegible]સાગર

આભાર પત્ર

શ્રીયુત શે. શે. ભાનુભાઈ કમળશીભાઇ સંઘવી—અમદાવાદ

[illegible] જૈનધર્મ પ્રવર્તક [illegible] ૬૬ [illegible], [illegible] જૈન સમાજના કોઈપણ કાર્યમાં આપની સક્રિય મદદ, તેમજ દરેક સભા-મેળાવડામાં હાજરી અને માર્ગદર્શન આપવાની આપની તત્પરતા, ઈ. ગુણો આપનામાં વ્યક્તિત્વ ધરાવતા હોઈ, તેમજ આ પુસ્તકમાં આર્થિક સહાય આપવાની વિનંતી કરતાં જ આપે રૂ. ૧૫૧ આપવાનો સહર્ષ સ્વીકાર કર્યો હોઈ, આ પુસ્તકમાં આપનો આભારપત્ર રજુ કરતાં મને આનંદ થાય છે.

આપના સ્વ. પિતાશ્રી સંઘવી કમળશીભાઇ જેઓ લીંબડીથી ઘણા વર્ષો અમદાવાદમાં આવેલા અને તમને મેટ્રીક સુધીનો અભ્યાસ કરાવી, તેમનામાં રહેલા ધાર્મિક સંસ્કારો તમારામાં રેડ્યા એ મહદ્ ઋણ અદા કરવા માટે તમે એ પુણ્ય પિતાના સદ્ગુણો સંભારી, એ ધર્મ સંસ્કારોને યાદ રાખી, દરેક ધાર્મિક કાર્યમાં પુષ્પ પાંખડીવત્ યથા શક્ય સહાય કરો છો. એ ખરેખર સદ્ગત પિતાના ઋણથી અલ્પાંશે પણ મુક્ત થવાનું શુભ ચિહ્ન છે.

[illegible] ન હોવા છતાં, તમે નજીવા પગારે [illegible] સ્વભાવને [illegible] પણ તમે [illegible]

[illegible] સંઘવી

આભારપત્ર

રા. રા. (સ્વ.) શેઠ જગજીવનદાસ હીરાચંદ
અમદાવાદ.

સુરબ્બીશ્રી,

આપનો મ્હારા પ્રત્યે અથાગ સ્નેહભાવ હતો. તેથી જ્યારે જ્યારે ધર્મના કાર્ય અંગે અને ધાર્મિક પુસ્તકના પ્રકાશનમાં કે પત્રના પ્રચારાર્થે આપની પાસે અપીલ કરેલી તે હંમેશાં સફળતામાં જ પરિણમેલી અને આજે પણ આપના સ્વધર્મ વાત્સલ્યનો વારસો આપના પુત્રોમાં જળવાઈ રહેલો જોઈ મને બહુ આનંદ થાય છે.

આ પુસ્તકના પ્રકાશનમાં પણ યોગ્ય મદદની જરૂર જણાવતાં જ આપના સુપુત્રો તરફથી રૂા. ૫૧)ની સહાયતા મળી છે તે બદલ આ પુસ્તક સાથે આપનું નામ 'આભારપત્ર' તરીકે રજુ કરતાં મને બહુ આનંદ થાય છે.

શુભેચ્છક
જીવનલાલ સંઘવી

પ્રભુ પ્રાર્થના.

(શિખરિણી છંદ)

પ્રભો અન્તર્યામી, જીવન જીવના દીન શરણા,
પિતા માતા બંધુ. અનુપમ સખા હિતકરણા;
પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું છું વંદું છું, વિમલ મુખ સ્વામી જગતના. ૧

× ×

સહુ અદ્ભુતોમાં તુજ સ્વરૂપ અદ્ભુત નિરખું,
મહા જ્યોતિ જેવું, નયન શશી ને સૂર્ય સરખું;
વસે બ્રહ્માંડોમાં અમ ઉર વિષે વાસ વસતો,
તું આઘોમાં આઘો, પણ સમીપમાં નિત્ય હસતો. ૨

× ×

પિતા પેલો આઘો જગત વિંટતો સાગર રહે,
અને વેગે પાણી, સકળ નદીના તે ગમ વહે;
વહો એવી નિત્યે, મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના, તુજ પ્રભુ મહા સાગર ભણી. ૩

× ×

અસત્યો માંહેથી, પ્રભુ પરમ સત્યે તું લઈ જા !
ઊંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઈ જા !
મહા મૃત્યુમાંથી અમૃત સમીપે, (હે) નાથ લઈ જા !
તું, હીણો હું છું તો, તુજ દરસનાં* દાન દઈ જા ! ૪

---

* દર્શનનાં

શ્રી જૈન સ્તવન સંગ્રહ

ભાગ ૧ લો.

"ધૂન"

૧ ॐ અન્તર્યામી દેવ, શુદ્ધભાવે કરૂં સેવ.
ચિત્ત–શાન્તિ નિત્યમેવ, ॐ અન્તર્યામી દેવ.

૨ રૂષભ જય, પ્રભુ પારસ જય જય;
મહાવીર જય, ગુરૂ ગૌતમ જય જય.

૩ સત્યનો જય, જૈનશાસનનો જય જય;
દેવ, ગુરૂ ધર્મ તત્વનો જય જય.

૪ દેવ અમારા શ્રી અરિહંત;
ગુરૂ અમારા ગુણપ્રિય સંત.

૫ અધમ—ઉદ્ધારણ શ્રી અરિહંત,
પતિત—પાવન ભજ ભગવન્ત.

૬ ભજ મહાવીર ભજ મહાવીર,
ભય હર ભજ—મન ભજ મહાવીર.

૭ ॐ ગુરૂ ॐ ગુરૂ ॐ ગુરૂદેવ,
જય ગુરૂ જય ગુરૂ જય ગુરૂદેવ.

૮ સદ્ગુરુની [illegible] [illegible]
અવિનાશી [illegible] આત્મ [illegible]

૯ ૐ હ્રીં શાન્તિ ૐ હ્રીં શાન્તિ
હ્રીં હ્રીં શાન્તિ ૐ હ્રીં શાન્તિ.

૧૦ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
પાપ નિકંદન [illegible]

૧૧ પ્રાણ સખા ત્રિભુવન પ્રતિપાલક
[illegible] [illegible] [illegible] દે.

૧૨ જગ આશ્રય જગપતિ જગવંદન
અનુપમ અલખ નિરંજન દે.

૧૩ પ્રેમો સિંધો દીનો [illegible] '
દુખ—દરિદ્ર વિનાશન દે.

૧૪ નિત્ય અખંડ અનંત અનાદિ
પૂર્ણ બ્રહ્મ સનાતન દે.

૧૫ પરમદેવ પર બ્રહ્મ પ્રકાશક, પરમજ્ઞાન પરમેશ '

૧૬ પ્રિયતમ પ્રિયતમ પ્રીતમ પ્યારા (૨)
અર્હંત અંતર્યામી અમારા (૨) [
રસ સાગર છે રસથી ન્યારા (૨)
ગુણ સાગર છે ગુણથી ન્યારા (૨)
ચૈત્ય—પુરુષને પ્રણમું સારા. (૨) [

૧૭ અન્તર્યામી પ્રેમ—પ્રણામી (૨)
શરણાગત—વત્સલ બહુનામી (૨) અન-
નિજ ગુણ કામી, સુખકર સ્વામી, (૨)
આનંદ ધામી, પુરણ વિરામી: (૨)
નિષ્કામી "કેવળ" પદગામી (૨) અન-

૨૪ ભગવાન ભજો ભગવાન ભજો,
ભગવાન થવા ભગવાન ભજો,
મહાવીર ભજો મહાવીર ભજો,
મહાવીર થવા મહાવીર ભજો.

૨૫ પ્રભુ ! જીવનમાં એક ' તાલ ' તુહી તુહો !
પ્રભુ ! મંદિરમાં એક ' તાન ' તુહી તુહો ! !
નાથ ! અંતરમાં એક ' તાર ' તુહી તુહો ! ! !
એક તુહી તુહો...બીજુ કોઈ ન હો . ... ..મારા જીવન

૨૬ પ્રભુ ! આનંદનું એક ધામ તુહિ તુહો !
પ્રભુ ! મંગળનુ એક ધામ તુહિ તુહો ! !
પ્રભુ ! ઇષ્ટનું સંકેત-ધામ તુહિ તુહો ! ! !
એક તુહિ તુહો...બીજુ કોઇ ન હો. .... મારા જીવન

૨૭ પ્રભુ ! દેહને દિપાવનાર તુહિ તુહો !
પ્રભુ ! પ્રાણમાં પ્રકાશનાર તુહિ તુહો ! !
નાથ ! મનને મળી જનાર તુહિ તુહો ! ! !
એક તુહિ તુહો...બીજું કોઇ ન હો !... .મારા જીવન

૨૮ મહાવીરને ચરણે ગૌતમને શરણે,
સદા રહો પ્રભુ મહાવીરને ચરણે.

૨૯ સાધુ જીવનની ત્યાગી જીવનની,
જય હો જય હો સાધુ જીવનની

૩૦ અજરામર જીવન ધ્યેય મનો,
મુનિ પુંગવ પ્રેરક પ્રાણ મનો.
અમ અંતર દેવ વિધાયક હો ।।
અજરામર સંત સુનાયક હો। અજરા

ધૂન

બનાવનાર –મુનિશ્રી જયંતિલાલ મહારાજ.

૪૦—અર્હંત જપીએ જાપ પ્રથમમાં
વિઘ્ન હરણ એ મંગળ જગમાં...અર્હંત.
દૂર કરે સૌ પાપ પલકમાં (૨)
તેના સમ નહિ કોઈ ખલકમાં (૨)
ધરીએ ધ્યાન સદા જીવનમાં...અર્હંત.

૪૧– આદિ જિનેશ્વર સુખકર કંદા,
જન્મ મરણ ટાળો ભવ ફંદા...આદિ.
નાભિ કુળ આગરના ચંદા (૨)
મરૂ મુનિમન સુખનંદા (૨)
પામ્યા પ્રભુ પદ પરમાનંદા ..આદિ.

૪૨—અજિત જિનેશ્વર જ્ઞાની સમાન
સુંદર નામ તમારું ધ્યાન...અજિત.
[illegible]
[illegible]
[illegible]...અજિત.

ગુણ અનંતાના ધરનારા (૨)
"બાળક" આવ્યો ચરણ તમારા ..મહાવીર.

૫૦—તુંહી જીવનમાં એક સહારા
પારગત પરમેશ્વર પ્યારા...તુંહી.
અચલ અકલ અવિકાર ઉદારા (૨)
પ્રગટે હૈયે આનંદ ધારા (૨)
રાતદિન કરું રટન તમારા...તુંહી.

૫૧—મહાવીર પ્રભુજી શાંતિદાયક,
જ્ઞાન સુધાકર ત્રિભુવન નાયક. ..મહાવીર.
મંગલ કારક આનંદ લાયક, (૨)
સર્વ જીવોના આપ ઉદ્ધારક (૨)
"જયંતમુનિ" આપનો બાળક. .મહાવીર.

૫૨—ગુરુજી અમારા સૌને પ્યારા,
જ્ઞાન સુધારસ રેલવનારા ..ગુરુજી.
જીવન ગુણ ઉત્તમ ઘડનારા (૨)
જિન બગીચા ખીલવનારા (૨)
"બાળક" આવ્યો ચરણ તમારા .ગુરુજી.

૧ વીર સ્તુતિ

(રાગ –જીવન હૈ સમાન)

શુભ ચાહે તો [illegible] પ્રભુ મહાવીર કા નામ, વન્દે
ત્રિશલાનન્દન [illegible] ભગવાન વન્દે
[illegible] વન્દે
[illegible] વન્દે
[illegible] વન્દે

એમ કહેતું આ આગમ [illegible] (૨)
જિન ગાજો મહાવીરને [illegible] (૨)
[illegible]

૩ માયા જાળમાં

(રાગ –મારા સાંવરીયે [illegible])

તમે માયાની જાળમાં, ભૂલ્યા સંસારમાં.
રટી લ્યો મહાવીર નામને...ટેક

પવન જેવી જીંદગાની આ જાય છે, (૨)
તોય માનવ માયામાં મશગુલ છે. (૨)
ત્યાગ અંતરના પડદા ખોલી સંસારમાં,
રટી લ્યો મહાવીર નામને...૧

બાળપણું તો ગુમાવ્યું રમી રંગમાં, (૨)
ગઈ જુવાની માયાની સંગમાં, (૨)
હવે ઘડપણમાં સહેજ સમજો સંસારમાં,
રટી લ્યો મહાવીર નામને ..૨

કોક મોહ્યા છે રૂપ ગુણ ગાનમાં (૨)
કોઈક ભુલ્યા છે જ્ઞાન અભિમાનમાં (૨)
એ છે સ્વપ્ન સમાન સહુ સુખો સંસારમા
રટી લ્યો મહાવીર નામને ૩

જેણે જાણ્યા છે જિન ભગવાનને (૨)
તે તો પામ્યા છે અનંત [illegible] (૨)
"બાળ" [illegible]
[illegible]

ગાયે છે મહાવીરના બાળક, લાગી છે દિલમાં એક જ્વાળા;
આવી છે મુજને ભાન, માનવ! ગા શ્રી વીરના ગાન...૪

---

૬ વીર વંદન

(રાગ:-આવો આવો જિન શાસનના)

સ્નેહે સ્નેહે સંભારૂં શ્રી ભગવાન, વીરને વંદન કરીએ,
વ્હાલું વ્હાલું મહાવીર તારૂં નામ, તુજને વંદન કરીએ......ટેક
ચૈત્ર સુદી તેરસનો દહાડો, ત્રિસલાની કુખે તું જનમ્યો;
ત્રણે ભુવનમાં વર્ત્યો જય જયકાર, વીરને વંદન કરીએ...—૧
દેવ દેવી સૌએ ફુલરાવ્યા, મેરૂ ઉપર પ્રેમે નવડાવ્યા,
જેની ભક્તિ સદાએ અપરંપાર, વીરને વંદન કરીએ.... .સ્નેહે—૨
માતપિતાની ભક્તિ કરવા, ભ્રાતૃ પ્રેમને નહિ વીસરવા,
ત્રીસે વરસે હંકાર્યું દિક્ષા વહાણ, વીરને વંદન કરીએ .....સ્નેહે—૩
તપ જપ સંયમને બહુ પાળી, કષ્ટ ઘણાને નહિ ગણકારી,
ઝગમગ જ્યોતિ સમ પામ્યા કેવળજ્ઞાન, વીરને વંદન કરીએ ..સ્નેહે—૪
અધમ ઉદ્ધારક ભવિજન તારક, ગુણ અનંતાના જે ધારક,
એવા વીરને વંદન વારંવાર, વીરને વંદન કરીએ . .સ્નેહે—૫
વંદન કરીએ ભાવે સમરીએ, ત્રિકાળ તારૂં ધ્યાન જ ધરીએ,
લઈએ વરીએ આત્માનું સાચું સ્થાન, વીરને વંદન કરીએ સ્નેહે—૬

---

૭ સુકાની મહાવીર

મહાવીર સુકાની થઈને સુજાણ, નૈયા મધ દરિયે ડુબતી,
સાચો કિનારો કરજે બતાવ, તું છે જીવનનો સારથી .. ..ટેક
જીવન નૈયા ભવસાગરમાં ડુબતી, આફતની આગમાં અંધારે ઝુલતી;
વાગે માયાના મોજા અપાર, હાંકું હું તારા આધારથી મહાવીર. ૧

૯ મહાવીર સ્મરણ

(રાગ : રઘુપતિ રાઘવ રાજારામ)

ભઈ ભજલે મહાવીર નામ એના વિના તે બધું હરામ,
મહાવીર નામ મહાવીર નામ, એના વિના તે બધું હરામ ..ટેક
ખટપટ લટપટ છોડો તમામ, ભક્તિ કરો તન આઠો યામ ..ભઈ
અનંત કાલે પડયો તું ઠામ,
કાશી જવાનું હવે નહિ કામ ..ભઈ—૧
ફેરી જમાનો આવ્યો શ્યામ,
ક્યારે પડશે ઉપરથી મોજ ..ભઈ
અવસર આવ્યો કરો વિરામ,
નહિ તો ઉપડશે તારી ટ્રામ......ભઈ—૨
મોહ રાજાનું રાજ્ય છે વામ,
ક્યારે દેશે કપાળે ડામ .....ભઈ
નહિ ચેતે તો હારીશ હામ,
રખડીશ જાઈ તું ઠામોઠામ......ભઈ—૩
પ્રભુ આત્માનું બનાવો ધામ,
થાય મોહને છેલ્લી સલામ.. ..ભઈ
આત્મા કાજે મળે આરામ,
“જયંત” બને મુક્તિનો જામ......ભઈ—૪

---

૧૦ ‘ચંદનબાળા’

પુણ્યમયી સતીઓ થકી, ઉજ્જવળ છે ઈતિહાસ;
ચંદનબાળા સાધ્વી, ચંદન સમ સુવાસ ૧
રાજકુમારી એ હતી, વૈભવનો નહિ પાર;

એજ ક્ષણે ચમકાર થયો ને, પગની બેડી તુટી,
માથે સુંદર વાળ થયા ને, વરસી સુખની હેલી;
મારા આંગણા સુના ..આવો
આવો આવો યોગીરાજ, મહાવીરસ્વામી આવો આજ,
મારા આંગણા સુના...આવો
આવો આવો વીર, હું છું ક્યારની અધીર;
મારા આંગણાં સુના ..આવો

---

૧૧ 'આજની દુનિયા'

(રાગ :–મોટીડા હોડી હંકાર)

લેતા પ્રભુજીનું નામ કે, દુનિયા લાજી મરે છે,
પ્રભુ ભજતાં શરમાય કે, દુનિયા લાજી મરે છે,
ઉપાશ્રયે જતાં એના પાવલીયા દુઃખે,
ફરી વળે આખુ ગામકે દુનિયા ... ૧
ધર્મ સ્થાનક જતાં એનું મનડું ન માને,
સીનેમા જતા [illegible] કે દુનિયા ૨
દુર્જન લોક [illegible]
ભજન [illegible] કે દુનિયા ૩
અમૃતનું [illegible]
[illegible] દુનિયા ૪
ભજન [illegible]
[illegible] દુનિયા ૫
" જગદીશચંદ્ર [illegible]
[illegible] દુનિયા

કિસમે કરે પ્રીતિ કૌન હૈ તેરા,
નારી સુતા સુત બન્ધુ ઘુરેરા, બન્ધુ ઘુરેરા.
મિત્ર ખાન પાન કે, યા હૈ ધનમાન કે
જગ જાઓ અભી હાથમેં. જગ જાઓ અભી...૧
માય બનો તબ, ખાને કો આવે!
તૈસે ફિ આઇ કે, ફલ દિખાવે!! ફલ દિખાવે
જબ કામ આ પડે, તબ કૌન હો ખડે,
બતલાઓ કાર્ય કાલ મેં, બતલાવો કાર્ય...૨
મતલબ હો તબ, શીશ ઝુકાવે
આદર કરે મિત્ર ભોજન જિમાવે, ભોજન જિમાવે
[illegible] નહિ પાવે.
ન ભુલાઓ વિષ ગાથમે, ન ભુલાવો વિષ...
જૂઠ કપટ કર પૈસા કમાવે!
[illegible] ભૂજાનમે આવે!! ભૂજાનમે આવે
[illegible] વાર વાર કહના,
ન ભુલાઓ નાન તાલમે, ન ભુલાઓ...

૧૪ પાર્શ્વનાથને અરજી.

([illegible])

[illegible] તમારા ગુણ નહિ જાઉં.
[illegible] તમારી વાત શું આપું—
[illegible]
[illegible]
તમારી વાત શું આપું [illegible]
[illegible]
[illegible]
[illegible]

૧૬ વીર જયંતી.

(રાગ:-રાખના રમકડાને રામે)

જૈનના એ પુત્રો, સૌ આવો, (૨) ઉજવીયે જયંતી રે,
વિશ્વ લોકના માનવ મળીને, ગુણ પ્રભુના ગાઇએ રે...જૈનના—૧
ચૈત્ર શુદી તેરસને દહાડે, વીર પ્રભુજી (૨) જન્મ્યા,
દેવ દેવીઓ સાથે મળીને, જન્મ દિવસ ઉજવે છે રે ..જૈનના—૨
ત્રીસે વર્ષે દિક્ષા લઇને, કષ્ટ સહન બહુ (૨) કરીયા,
ગાઢ તિમિર ટાળી નાંખી, આત્મજ્ઞાનને પામ્યા રે...જૈનના—૩
દેશ દેશમાં વિચરી એવું, જ્ઞાનદશા પ્રગટાવી,
પાપ મહીં પટકાએલાને, હાથ ગ્રહી ઉગાર્યા રે......જૈનના—૪
શાસનના ઉદ્ધારક પ્રભુએ, સત્ય ધરમ ફેલાવ્યો;
કર્મ ખપાવી મુક્તે પહોંચ્યા, જય જયકાર મનાયો રે...જૈનના—૫
વીર પ્રભુના ગુણો ગાતાં, આનંદ ઉરમાં આવે;
"જયંત મુનિ" સાચા હૃદયે, જન્મ દિવસ ઉજવરાવે રે...જૈનના—૬

મુનિશ્રી જયંતિલાલજી મહારાજ

---

૧૭ વીર નામ.

(રાગ-રાખના રમકડાંને)

વીરના એ નામથી ભવસાગર (૨) અનેક તરીયા રે,
કહો સૌના દુઃખ ધર્યાં ને, ભવ જલ પાર ઉતરીયા રે—વીરના
અર્જુન માળી સાત જણોની, ઘાત કરે છે (૨) રોજે,
વીર પ્રભુનાં દર્શન થાતાં, જીવન પલટો થાવે રે—વીરના
ચંદનબાળા ઉપર, પડતા દુઃખ (૨) મટીયો,
[illegible] સહન કીધું, [illegible] પ્રભુના નામે રે—વીરના
[illegible]

૧૯ મહાવીર પ્રભુનું સ્મરણ.

(રાગ:-તાલીયોના તાલે)

જિનવરના જાપે (૨) આતમ જ્યોતિ પ્રગટાવરે;
મહાવીરનુ નામ લેવું, મહાવીરનું નામ:...જિનવર
આત્માના ધ્યાને (૨) ભવના બંધન દુરી જાય રે;
મહાવીરનુ નામ લેવું, મહાવીરનું નામ...જિનવર
સિદ્ધારથ કુળ ચાંદલીયો, ત્રિશલા દેવીનો નંદનોએ;
તરવાનુ એ ધામ છે, મહાવીરનું નામ લેવું મહાવીરનું
નામ...જિનવર

ગાવો ગાવો ગુણ વીરના, ગાવો ગાવો.
અંતરીએ જગાવો વીરના જાપ કેરી જ્યોતિ;
લેવું વીર પ્રભુનું નામરે, મહાવીરનું નામ લેવું મહાવીરનું
નામ...જિનવર

જિનવર ભજો ભાવે, જિનવર ભજો;
મહાવીર ભજો ભાવે, મહાવીર ભજો;
ભવસાગર તરવાને, એકજ વીર પ્રભુનું ધામ;
લેવું વીર પ્રભુનું નામ રે......
મહાવીરનું નામ લેવું, મહાવીરનું નામ...જિનવર—૪

---

૨૦ વીરનું પારણું.

(રાગ:-કભી યાદ કરકે)

ઝુલો ઝુલો મહાવીર પ્રીતે પોઢાડું હું વીર,
આજે હરખે ઝુલાવું વીર પારણે.
હાથ રેશમની દોર, મારા કાળજડાની કોર,
આજે હરખે ઝુલાવું વીર પારણે..... ઝુલો—૧
મીઠાં મધુર સંભળાવું હું ગીતડાં,

અંતર અમૃતના પાવું હું ઘુંટડા, પાવું હું ઘુંટડા;
યાજે દુનિયામાં વીર, બનજે ધીર ગંભીર,
આજે હરખે ઝુલાવું વીર પારણે......ઝુલો—૨
જુઠા જગતના મોહ તજીને,
સંસારના સુખ તુચ્છ સમજીને, તુચ્છ સમજીને;
રાજરમણીના સુખ, એને માની લેજે દુ:ખ;
સંયમ લઈને આ જીવન વીતાવજે......ઝુલો—૩
મોહ ભર્યું આ વિશ્વ જગાડજે,
સાચો તું ધર્મ આ જગને પમાડજે, જગને પમાડજે;
ધરજે આતમનું ધ્યાન, બનજે સાચો ભગવાન;
આતમ જ્યોતિ અંતર પ્રગટાવજે......ઝુલો—૪
સકળ જગતમાં ફરી ફરીને,
અહિંસા ધર્મને હૈયે ધરીને, હૈયે ધરીને:
જૈન ધર્મની જ્યોત, મારા હૈયાનો ઉદ્યોત,
મુક્તિ વરી તું જીવન શોભાવજે......ઝુલો—૫
બુદ્ધિસાગર સદ્દગુરૂ કૃપાથી,
સકળ ચતુર્વિધ સંઘ સુધાથી, સંઘ સુધાથી;
ઘર ઘર નગરોમાં આજ, વીરની જન્મ જયંતિ કાજ,
પ્રભુ સંગે "ગણેશ" ગુણ ગાય છે......ઝુલો—૬
ગણેશ પરમાર



૨૧ પ્રભુ ધુન.

(રાગ :—તને પીધા પીધા ધાર વસ્ણાંગી)

હવે સુનો સુનો.. તમે સુનો સુનો વિનંતિ વિરાગી,
કે રંગ તમે સુનો સુનો વિનંતિ વિરાગી,
[illegible] પ્રભુ ધુન [illegible] કે રાગ—૧

દયાળુ દેવ તમે જીવન આધાર છો,
ભવજલધિ તરવાને તારણ જહાજ છો;
તારા સ્મરણની લય મને લાગી .ઓ વીર—૨
મારી માનભરી જીંદગી, કરૂ તારી બંદગી,
ભવ ફેરી જંજાળ જાય ભાગી...ઓ વીર—૩
અનેરા દેવ જાણે વિશ્વનો છે પરપોટો,
દેવાધિદેવ તમે અમૃતનો છો લોટો;
હું તો થયો છુ વીર ગુણ રાગી ... .ઓ વીર—૪
અંતર "ઉમંગ" ધરી લગની લગાવો,
શુદ્ધ સ્વરૂપ ભજી જ્યોતિ જગાવો;
વીર લબ્ધીની વાંસલડી વાગી .....ઓ વીર—૫

---

૨૨ અ....મૃ....ત.

(રાગ :—રાખના રમકડાને)

વીરનાં વચણુડાં મારા મનમાં (૨) રમતા રાખ્યા રે,
જન્મ મરણનાં દુઃખ હઠાવા, પ્રભુએ અમૃત ભાખ્યારે...વીર—૧
લોકો બોલે અમૃત બીજું, એ અમૃત નહિ (૨) માનું;
શિવ સુખના જે સ્વાદ ચખાડે, તે અમૃત દિલ આણુ રે...વીર—૨
જો અમૃત હોય બીજું જગમાં, ક્રિયાકષ્ટ કાં કરીએ;
જન્મ મરણનાં દુઃખ અનંતા, તે લઈ કેમ ન તરીએ રે...વીર—૩
વિષય વિષનું ઝેર ઉતારે, ધર્મ અમૃત તે કહીએ;
પાણીને વલોવી વ્હાલાં, માખણ કહો કેમ લઇએ રે...વીર—૪
સ્યાદવાદ સપ્ત નયથી ભરીયું, પૂણ્યે એમને મળીયું;
કર્મ પ્રબલ દલ તેથી ગળીયું, નિજ ભાવે દિલ હળીયું રે ..વીર—૫
આતમ કમલ એ અમૃત મીઠું, પીને શિવપુર દીઠું,
લબ્ધિ વિલાસ રહો જ્યાં અગણિત, તે જગ અમૃત મીઠું રે .વીર—૬

---

૨૩ થોડા થાવ વૈરાગી.

(રાગઃ—તમે થોડા થોડા)

તમે થોડા થોડા થાવ વૈરાગી,
ઓ ભાઈ તમે, થોડા થોડા થાવ વૈરાગી;
કાળ પલેવની ખબર નથી લાગી...ઓ ભાઈ—૧
ધર્મ યોગી વીરના ધર્મ યોગી વીર બનો,
તત્ત્વોનું જ્ઞાન કરી, વ્રત તમે આદરો;
ધર્મ કેરું કરજ જાય ભાગી...ઓ ભાઈ—૨
કરો થોડા થોડા નિયમો ને હાથેથી દાન દો,
સામાયિક પ્રતિક્રમણ તમે રે આદરો;
નહિતર આવે છે કાળ કેરી ઝાપી...ઓ ભાઈ—૩
આટલા તે મોજશોખ શેનાને હોય ખરા!
વ્યાપારા મોંઘવારી નિત્ય કામ થાય ખરા!
હવે વીરનાં વચન લ્યો ઉર માંહી...ઓ ભાઈ—૪
સત્ય શીલ ત્યાગનો કરો ફેલાવો.
સાધર્મીઓ ને જનની સેવામાં જોડાઓ;
દુઃખી દુનીયા માગે છે વીર વાણી...ઓ ભાઈ—૫

ચમનલાલ મણીલાલ-સાબરમતી

---

૨૪ ધર્મ કરો.

(રાગ—વાગ્યો વન વગડામાં)

વાગ્યા ધર્મ તણા વાજા, હાલો, ધર્મ કરો ધર્મ કરો
[illegible] ટકું નહિ [illegible] ધર્મ કરો ધર્મ કરો—૧
ક્રોધ કરો, લોભ ટાળો, [illegible]
[illegible] ધર્મ કરો ધર્મ કરો—૨
ધર્મ [illegible]

૩૦ જાના હય.

(રાગ:—ગાયેજા ગીત મીલન કે)

કરે જા પ્રીત ભજનમે, તું અપને જીવનમે,
પ્રભુ કે ઘર જાના હય...ટેક.

જાના ચલ કે મુક્તિ કી નગરી, કૈસા આતમ બગ,
ભક્તિ વિના આતમકી ડગરી, જીવનકી આતમ ક્યા;
પ્યાસ લગી હૈ દર્શનમેં, મેરે જીવનમેં,
પ્રભુ કે ઘર જાના હય...૧

પ્યાના પ્રભુકો માયા જાલની, છોડ દુનિયા ચલ;
ચલ મુસાફીર નૈયા ડુબની, જાકે પ્રભુને ભલ,
આકે બસની નયનમેં ભક્ત જીવનમે;
પ્રભુ કે ઘર જાના હય ..૨

આતમ કમલકી લબ્ધિ સઘળી, જીવન ચાહે ફલ,
પ્રભુભક્તિ સુધારસ ઝુલના, સમતાસે મત જલ;
પ્રભુ! ભવકે ભ્રમણ મેં, સહારા જીવન મેં;
પ્રભુ કે ઘર જાના હય...૩

૩૧ બાળકની અરજી.

(રાગ : જબ તુમ્હી ચલે પરદેશ)

સુણાવો શાસ્ત્રો સાર, ઉતારો પાર, ગુરુજી મ્હારા,
હું વંદું ચરણ તુમારા.........................૧
હું આવી પડયો છું આ જગમાં (૨)
નહીં કોઇ દિલાસો દેવામાં (૨)
હું રખડી રખડી થાકયો, ગુરુજી મ્હારા, હું વદું ૨
મારા દિલમાં કંઈ કંઇ આશ મને (૨)
સત્ય પથ બતાવનાર જોવુ તને (૨)
આ જ્યોતમા જ્યોતિ મીલાવો, ગુરુજી મ્હારા, હું વદું ...૩

મારા દોષ તમે દિલમાં ન ધરો (૨)
અમ રંક ગરીબને વારે ચડો (૨)
છો આપ દયાના સ્વામી, ગુરુજી મ્હારા, હું વંદું ચરણ તુમારા...૪
આ દાસ ઉપર જો દયા કરો (૨)
તો ભવનો ફેરો પળમાં હરો (૨)
આ "બાળક"ના બે બોલ, ગુરુજી મ્હારા, હું વંદું..........૫

---

૩૨ ક્ષમાપના.

(રાગ : રાખના રમકડાને રામે)

ખામણાં ખમાવતા, આજ ખામું (૨) ભાવિક હૈયે રે,
જીવ માત્રની મૈત્રી સાધી, વેર ને ઝેર સમાવું રે...ખામણાં—૧
પર્વ પર્યુષણ રૂડાં દીપે, હરખ ભર્યાં નેન (૨) લાવો,
રણ સહારે આરાધનાની, આતમ જ્યોતિ જગાવો રે...ખામણાં—૨
શ્રદ્ધા સહ સુણીયા તપ તેજે, જીવન પંથ અજવાળું,
જ્ઞાન તરંગને જગહગનારાં, વિશ્વવાત્સલ્ય અપનાવું રે...ખામણાં—૩
વેર ઝેરના વિષમય મૂળીયાં, નિતનિત ઉંડા જતાં,
ભાવ કરુણાથી ક્ષમ રસ પામી, પાપી પણ પીગળતા રે...ખામણાં—૪
દિવ્ય જીવન આરાધી લઇએ, સમતા ધર્મ પ્રભાવે,
ધર્મ યૌવન સૌરભ મહમહે, "જીનેન્દ્ર" ખમતા શિખાવે...ખામણાં...૫

---

૩૩ રક્ષા કરજો હે ભગવાન.

ભૂલો પડેલો હું ભવમહીં, ભગવાન [illegible] બતાવજો,
[illegible] ને [illegible] ઉગારજો,
[illegible] નહી [illegible] છું,
[illegible] છું.

કરૂણા કરજો હે કીરતાર! રક્ષા કરજો હે ભગવાન!
તું એક જ છે આધાર! રક્ષા કરજો હે ભગવાન!...૧
જિનરાજ તુજ આદેશને, હું ધ્યાનથી સુણતો નથી,
તારી મધુરી વાણીને હું, અંતરે ઝીલતો નથી;
ભગવાન ભક્તિ ભાવથી, ગુણગાન પણ ગાતો નથી,
માન ને અભિમાનમાંથી, દૂર હું જાતો નથી;
મારે તરવો છે સંસાર, રક્ષા કરજો હે ભગવાન!
મારે જાવું છે ભવપાર, રક્ષા કરજો હે ભગવાન!...૨
તારા બતાવ્યા સત્યના, પંથો ય સમજાતા નથી,
તારા દીધેલા જ્ઞાનના, ગ્રંથો ય વંચાતા નથી;
લક્ષ્મી મળી પણ લક્ષ્મીનો, સદ્વ્યય કરી જાણ્યો નહિ,
ભાઈ ભાઈમાં પ્રેમથી, સંપ કરી જાણ્યો નહિ;
હરજો મારગનો અંધકાર, રક્ષા કરજો હે ભગવાન!
આવ્યો છું તારે દ્વાર, રક્ષા કરજો હે ભગવાન...૩
સાગર દયાના છો તમે, કરૂણા તણા ભંડાર છો,
પતિતોને તારનારા, વિશ્વના આધાર છો,
તારે ભરોસે જીવન નૈયા, આજ મ્હેં તરતી મુકી,
લાખ લાખ વંદન કરૂં જિનરાજ આજ તુજ ચરણે ઝુકી,
પ્રભુ! તું છે તારણહાર, કરૂણા કરજો હે કિરતાર,
વિનતી કરૂં છું વારવાર, રક્ષા કરજો હે ભગવાન...૪
શાંતિલાલ ર

---

૩૪ સાગર પાર.

(રાગઃ—જમનાજીને કાંઠડે મારે જાવું જળ ભરવા)

મહાવીર સ્વામી મહારા, મારે જાવું સાગર પાર,
મુને મારગડો દેખાય,
આડા કંટક કાંકરા ને કેમ કરી જવાય મુને....

ભવસાગરમાં ભમતાં ભમતાં હજી ન આવ્યો પાર,
રાગ દ્વેષનાં અનેક બંધન છુટે ના ભગવાન...મુને...૨
નાવડી મારી મધ દરીયે છે [illegible] [illegible],
મુક્તિની ચહને મહાવીર આવો અમને ઉતારો પાર...મુને...૩
નાવડી મારી ડુબી રહી છે સહાય કરો ભગવાન,
આઠ કર્મનો ક્ષય કરી હું આવું તારી પાસ...મુને...૪
મહાવીર સ્વામી માહરા મારે જાવું સાગર પાર...મુને...

---

૩૫ ઝંડા ઉંચા રહે હમારા.

(રાગ–ઝંડા ઉંચા રહે હમારા)

આત્મ જીવન ઉત્તમ ઘડનારા, ઝંડા ઉંચા રહે હમારા;
જ્ઞાન સુધારસ રેલવનારા, ઝંડા ઉંચા રહે હમારા........
ઉત્તમ સંસ્કારો દીપાવે, જીવન શુદ્ધ [illegible],
ધર્મ જ્ઞાનને સીંચનહારા, ઝંડા ઉંચા રહે હમારા...આત્મ...૨
માંગી લો શુદ્ધ [illegible] [illegible]
જિન [illegible] [illegible] ઝંડા ઉંચા રહે હમારા...આત્મ...૩
[illegible]
જીવન શુદ્ધ [illegible] ઝંડા ઉંચા રહે હમારા...આત્મ...૪
[illegible]
[illegible]...૫

ભક્તોને મન ભાવે, વીર તારી જ્યોતિ (૨)
દર્શન વિના તલસે છે નયનો હમારે... ....તું કેમ.....૧
ભક્તો વિના સુની પડી, જીવનની નૌકા (૨)
કૃપા કરીને લઈજા એને તુ કિનારે . ...તું કેમ ૨
દુનિયા બની સઘ દુશ્મન, ગરીબોની આજે (૨)
આ રડી રડીને આંસુ ચાલ્યા જાય જો ધારે ....તું કેમ ૩
દિલમાં સદાયે વહેતા, દુખનાં ઝરણાં (૨)
થાક્યો હવે આવ્યો છુ તારે સહારે . . . .તું કેમ.....૪
"બાળક" બન્યો દિવાનો, જ્યોતિમાં તારી (૨)
ઘેલો બનીને આવ્યો છું હું તારે સહારે. ... .તુ કેમ.....૫



૩૭ ભૂલાય ક્યાંથી !

(રાગ : ભૂલવા મને કહો છો)

કર્મો ભૂલાવે મુજને મહાવીર ભૂલાય ક્યાંથી,
આત્માની જ્યોત જાગી, તો વીર ભૂલાય ક્યાંથી...કર્મો ૧
આત્મા અનંત ભવથી, ભમતો રડી રડીને;
પામ્યો મનુષ્ય યોની, તો વીર ભૂલાય ક્યાંથી .... કર્મો .. ૨
મિથ્યાત્વ માયા મોહની અજ્ઞાનતા એ ટાળે,
એવી જીણંદ મેવા, તો વીર ભૂલાય ક્યાંથી કર્મો ૩
કર્મો કઠીન ખપાવી, સંસાર પાર થાવા,
"ચંદુ" ચહે જો શરણ, તો વીર ભૂલાય ક્યાંથી કર્મો ૪

---

૩૮ થાઓ ધર્મ રાગી.

(રાગ —તમે થોડા થોડા)

[illegible] તમે થોડા થોડા થાઓ ધર્મરાગી,

હો ભાઈ! તમે યોગ યોગ ધારો ધર્મરાગી,
જુઓ આંખને ઉઘાડી તમે જાગી.........હો ભાઈ......૧
વીતરાગી જિનવરના વિરાગી ભક્ત બનો.
જગતમાં વસનારા જંતુના મિત્ર બનો,
વેર સમજુનો ભર ભય ભાગી.........હો ભાઈ......૨
જુવાનીનો લટકો ચાર દિનનો ચટકો,
અંતે ઉખડશે સર્વ જાશે ત્યાગી........હો ભાઈ......૩
ધન મલ્યો ગર્વ એ તો દુનિયામાં સાવ ખોટો,
કોણ નાનો ને કોણ મોટો દુનિયામાં નથી મોટો;
તમે ગુણ ગાન ગાઓ સહુ સાથે.........હો ભાઈ......૪
આત્મ કમલને લબ્ધિમાં લહેરાવો,
કમલની કોમલતા એ નેણ દીરાવો;
મૂકી માયા ને બનો સંત ત્યાગી.........હો ભાઈ......૫

---

૩૯ જીવડાને.

(રાગ—લાખના રમકડાને)

માનવના એ ઉપવને [illegible] ૨,
માનવ [illegible] માનવ—૧
[illegible]
[illegible] માનવ—૨
[illegible]

૪૦ મહાવીર.

(રાગ:—રાખના રમકડાને)

ॐ અર્હં મહાવીર મહાવીર, મહાવીરના (૨) ગુણ ગાવો રે,
વીર પ્રભુનું સ્મરણ કરીને, ભવસાગર તરી જાવો રે.........૧
રોમે રોમે મહાવીર મહાવીર, નિત નિત ભજીએ ભાવે,
શ્વાસે શ્વાસે મહાવીર ભજીએ, તો મહાવીર ગુણ આવે રે
ॐ અર્હં.........૨
હરતાં ફરતાં મહાવીર મહાવીર, મહાવીર ધ્યાન ન છોડો,
ખાતા પીતા, ઉઠતા, બેસતા, મહાવીરથી મન જોડો રે,
ॐ અર્હં.........૩
વીર પ્રભુનું ધ્યાનજ ધરતા, આતમ જ્યોતિ જાગે,
આ ભવ ને પર ભવના સર્વે, અંતર વેરી ભાગે રે,
ॐ અર્હં.........૪
વીર પ્રભુનું શરણું સાચું, બીજે ક્યાંય ન રાચું,
ગુરુએ એકજ રાહ બતાવ્યો, મહાવીર મારગ સાચો રે,
ॐ અર્હં.........૫

ગણેશ પરમાર

૪૧ મહાવીર ભજો.

(રાગ—તમે થોડા થોડા)

તમે [illegible] (૨) [illegible]
હો [illegible]
[illegible]—હો પ્રભુ...૧
[illegible]
[illegible]—હો પ્રભુ...૨

અજ્ઞાનીને જ્ઞાનીમાં પલટાવી, પ્રભુની ભક્તિમાં ધૂન લગાવી,
તોયે કોટિ કોટિ પાપ ક્ષય થાયે—હો બંધુ...૩

લ્હા લેજે તું એક અનેરો લ્હાવો, ફરી ના મળશે અવસર આવો,
પછી કોઈ તને નહિં બચાવે—હો બંધુ...૪

વિષય ને વાસના દૂર કર્યાં છે, મહાવીર શરણે આવી રહ્યો છે;
તે તો મુક્તિને દ્વારે પોંચી જાવે—હો બંધુ...૫

જગત જંજાળને ખોટી જાણીને, માયાનો પડો દૂર કરીને;
'જયંતમુનિ' પ્રેમ ગુણ ગાવે—હો બંધુ...૬

૪૨ સાચો ઉમંગ.

(રાગઃ—લાખ લાખ મોતીની)

લાખ લાખ ગુણો ગુરુના સંભારજો,
ભવસાગરથી તરાય, હૈયામાં સાચો ઉમંગ છે.
ગુરુ ગુણોની તમે માળા ગુંથાવજો,
ગુરુના ગીતો ગવાય, ગીતો ગાવાનો ઉમંગ છે.........૧

ગુરુ ગુણોના મોટા ગ્રંથો લખાવજો,
પાને પાને સુવર્ણ અક્ષર અંકાવજો;
જન્મારો પાવન થાય, હૈયામાં સાચો ઉમંગ છે.........૨

ત્યાગી વૈરાગી શાંત મુદ્રાથી શોભતાં,
દેખી દેખીને ભક્ત હૈયાઓ ડોલતાં;
વંદનથી હૈયા હરખાય, ગીતો ગાવાનો ઉમંગ છે.........૩

મીઠી મીઠી વાણી ગુરુજી સુણાવતા,
ભક્ત જનોને હેત ધરીને ઉદ્ધારતા;
[illegible] હૈયામાં સાચો ઉમંગ છે.....૪

ઘડીઓ મળી છે ભાઇઓ આજે ઉમંગની,
રેલો વહે છે આજ ધર્મ તરંગની,
ભુલ્યા ન ગુરુજી ભુલાય, ગીતો ગાવાનો ઉમંગ છે ૫
પુષ્પ જામ્યા છે આજે ચુડાના સંઘના,
વહેણો વહે છે આજે ઉપદેશ રંગના;
ગુરના ગુણો ગવાય, હૈયામાં સાચો ઉમંગ છે.........૬

૪૩ "ચા" છોડો.

(રાગ -જાય તુમ્હી ચલે પરદેશ)

મહામૂલ્ય મળ્યો નર દેહ, સુણો ધરી સ્નેહ,
શિખામણ સાદી, તમે છોડો વ્યસન 'ચા' આદિ...૧
પીતાં તો એ પ્રિય લાગે છે, પણ જબરા રોગો જાગે છે,
મન થાય છે ઉન્માદી, બાંધવ મારા...તમે છોડો...૨
ટપ દઈ ત્રણ આના આપો છો, ક્યાં કષ્ટ ગરીબનાં કાપો છો ?
ના કરો ધનની બરબાદી, બાંધવ મારા...તમે છોડો...૩
તમે ચાર વખત જે પાન કરો, તેના બદલે કૈં દાન કરો,
તો મળશે ધર્મ પ્રસાદી, બાંધવ મારા...તમે છોડો...૪
સાલે શીદ આમ ચડેલા છો ? નાહક હાલી નિકળેલા છો !
ક્યાં પીતાં દાદા, દાદી ? બાંધવ મારા તમે છોડો...૫
'જયંતમુનિ' ચા દૂર કરે, સૌને પણ એ આદેશ કરે,
આ શુભ અવસરના વાદી, બાંધવ મારા . તમે છોડો .૬

---

૪૪ મહાવીરનુ પારણુ

[illegible]
[illegible]

મધુર મધુર હાસ્ય માતી, અંતર અમીરસ પાતી;
ત્રિશલા સારી ગીત સુણાવે, મહાવીર પોઢો રે...૧
વીર બનજે તું આજ જગતમાં, ધીર ગંભીર બનજે તું જગતમાં;
એવ કરી તું જીવન જાજે, આ સંસારે...૨
સંસારમાં સુખ ક્યાંય નથી, વેર ઝેરથી દુનિયા ભરી;
કામ ક્રોધ મદ માયા તજીને, ભવ જળ તરજો રે...૩
દુઃખ ભરેલા જીવન જગમાં, કષ્ટ વેદના પામે જીવનમાં;
શાશ્વતસુખના સુખ લઈને, આંસુ લોહજો રે...૪
સંસારના સૌ સબંધ ત્યાગી, દીક્ષા લઈ ને સંયમ રાગી,
મોહ નિદ્રામાં સુતેલ જગને, કેજે જગાડી રે...૫
ઘર ઘર વન વન ઘૂમી વળજે, "અહિંસા પરમોધર્મ" તું કહેજે,
જિન શાસનની જ્યોત જગાવી મુક્તિ વરજે રે...૬

શાંતિલાલ શાહ.

---

૪૫ પ્રભુ ધ્યાન.

(ધનરાજ જીવન આવે રે)

તને સુખમાં તો સૌ સાથી મળે, પણ દુઃખમાં કોઈ ન આવી મળે,
સુખ દુઃખનો બેલી એકજ છે, ભગવાન હૃદયથી રટતો જા...પ્રભુ ..૪

૪૬ ગુરૂ મહીમા.

(રાગ :–મારે તે ગામડે એક વાર આવજો)

બેની ! તું આટલી હિત શીખ ધારજે, એ એ એ.
આવે ત્યારે સાથે સખિઓને લાવજે, એ એ એ.
જિનવાણીના મધુર ઘુટડા ઉતારજે, એ એ એ બેની તું...૧
દુહા :—ભવ હિંડોલે હીંચતા, અમ પાપીને આધાર,
ગુરુવર ગુણોથી ભર્યા, સમકિતના દાતાર,
સુનાં સુનાં તે હતાં ચુડાનાં આંગણાં,
ઉગ્યો ઉગ્યો તે જાણું, લીંબો ને ભામણાં,
નવકાર મંત્ર સખી ! બહુ ગુરૂશ્રીનો ધારજે,
હૈયાની ભક્તિ ભવસાગર તારશે, એ. એ. એ. બેની તું...૨
દુહા :—દુરસી ગુરુરાજના, ચરણે નમું ધરી નેહ,
આવી ચુડે કૃપા કરી, અમ ઉદ્ધારક તેહ,
સખી ! ચુડાના સંઘના ભાગ્ય ખીલવજે એ. એ. એ. બેની તું...૩
દુહા :—વર્ષો બહુ વીતી ગયા, અજ્ઞાન અંધારી રાત,
ગુરુ દીઠા ગુરુ દેવતા, આજ મળ્યા સાક્ષાત;
ચાલો ચાલો ને સખી ! જ્ઞાતાજી સુગુરા,
પર્યુષણને સખિ ! સહુ આગમજે;
તર્યાં તર્યાં તે સખી ! એમ દૈવેથી માનજે, એ. એ. એ. બેની તું...૪
દુહા :—અમતનાલજી સાથે નહીં, ધૂન કરાવે રોજ
હર્ષ સધર્મ ઉપજ્યો વાહ કર્યાનું મોજ,
સખી ! [illegible] એ એ એ બેની તું ..૫

૪૭ અવસર નહિ મળે

(રાગ:—વૈષ્ણવ જન તો તેને કહીએ)

અવસર [illegible] ફરી નહીં આવે [illegible] રે,
[illegible]
[illegible] રે અવસર...૧
[illegible] રે,
[illegible] રે ..અવસર...૨
[illegible] રે,
[illegible] રે ..અવસર...૩
[illegible] રે,
[illegible] રે...અવસર...૪
[illegible] રે,
[illegible] રે ..અવસર...૫

---

૪૮ ધૂન.

([illegible])

[illegible]

વંદન હજો (૨) પૂજ્ય સાધુ મુનિને વંદન હજો
વંદનથી વિઘ્નો દૂર થાશે, વેરી પણ આવીને નમશે,
હાથ જોડી ધૂન "જયંત" ગાશે, વદન પ્રભુને તો ગમશે.
જયજીનેંદ્ર કહો (૨) જૈનો સામા મળે જયજીનેન્દ્ર કહો,
પાર્શ્વનાથ કહો (૨) શાંત ચિત્તે સદા પાર્શ્વનાથ કહો.

૪૯ ડંકો વાગ્યો.

ડંકો વાગ્યો સંતાનો વીરના જાગજો રે,
ધર્મી જાગજો રે, અધર્મી ભાગજો રે...ડંકો
માયા મૂકી સાચવજો, સાચા ધર્મને રે,
સાચા ધર્મને રે, પ્રભુના ધર્મને રે...ડંકો
ગુરુની વાણી અમૃત સરખી જાણીને રે,
મોડી જાણીને રે, સાચી માનીને રે...ડંકો
માયા જુઠી કાયાની હાલત છે બુરી રે,
હાલત છે બુરી રે, બુરી છે પુરી રે...ડંકો
શાસન કાજે કાયાને તમે હોમજો રે,
કાયા હોમજો રે, કાયા હોમજો રે...ડંકો
સુખીયા થાવા આત્મજને સાચી ટકને રે,
સાચી ટકને રે, સાચી ટકને રે ડંકો....
આ૨ [illegible] ભગવતના પૂ[illegible] [illegible] રે
[illegible] [illegible] પૂ[illegible] [illegible] રે ડંકો. ૭

૫૦ જૈન સાધુ.

([illegible] જાગ્યા, જાગ્યા, જાગ્યા એ મેર સાધુ !
[illegible]

[illegible] ..હેતે ..૧

[illegible] ..હેતે...૨

[illegible] ..હેતે...૩

[illegible] ..હેતે...૪

---

૫૬ ઇચ્છું નિશદિન એવું.

(શું કહું કથની મારી—એ રાગ)

ઇચ્છું નિશદિન એવું [illegible] ઇચ્છું નિશદિન એવું.

[illegible] ઇચ્છું નિશદિન એવું. ટેક.

[illegible]

[illegible]

[illegible]

પર ' આવો આવો. '

(રાગ—શું કહું કથની મારી)

આવો આવો આવો દેવ! ઉદ્ધારક બની આવો,
હવે વખત ન વીતાવો દેવ! ઉદ્ધારક બની આવો. ટેક૦
અંધકાર છવરાયો અધિકો, દિવ્ય દીપ પ્રગટાવો,
જાગે સર્વ સમાજ ઘેનથી, ગેબી એ નાદ ગજાવો...દેવ
શુદ્ધ બુદ્ધ આવે સાંભળતા, સઘ એ મત્ર સુણાવો;
નિરખે સઘળા નિજ નિજ કૃત્યો, અંજન એવુ લગાવો...દેવ
જીવન રહિત બનેલ જીગરમાં, વિદ્યુત વેગ વહાવો,
'સંતશિષ્ય' આ મહદ મુઝારો, સાહેબ તુરત સમાવો ..દેવ

કવિવર્ય મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ

---

૫૩ ' સત્સંગ '

(ગરબીઃ ઢબ—દોરી વગાવી સજ્જ કરું)

સદ્ગુરુના સત્સંગમાં તમે આવોને,
અંગમાં રેલવા રંગ ચગ્જો આવોને સદ્ગુરુના. ટેક
પામ્યા નથી તેને પામવા તમે, શીખવા પ્રેમના પાઠ, ચગ્જો૦
ત્રિવિધ તાપને ટાળવા તમે, ગાળવા મદની ગાંઠ, ચગ્જો૦ સ૦
હૃદયના જખમ રૂઝાવવા તમે, બુઝવવા દિલના બાક, ચગ્જો૦
જીવન પ્રભુમાં જોડવા તમે, મનના મળ કરવા સાફ, ચગ્જો૦ સ૦
આંખોનાં પડળ ઉતારવા તમે, પામવા દિવ્ય પ્રકાશ, ચગ્જો૦
વાસના [illegible] તમે, નહીં અવતર્વા આશ ચગ્જો૦ સ૦
[illegible] ચગ્જો૦
[illegible] ચગ્જો૦ સ૦
[illegible]

અજ્ઞાન ચિત્તનો ભાગવા તમે, ભોગાવવા અભિમાન, મહાદેવ૦ સ૦
કુમતિની જાળને કાપવા તમે, રમવા સુમતિની સાથ, મહાદેવ૦
'સંતશિષ્ય' પ્રેમ પ્રગટાવવા તમે, ભજવા નિરંતર નાથ, મહાદેવ૦ સ૦

૫૪ 'દીપ પ્રગટાવો.'

(ભૈરવી, ધુન—મંગળ મંદિર ખોલો)

આવો આવો (૨) આવો દયાળુ ! દિલમાં દીપ પ્રગટાવો.
દર્શન કરું હું દેવ તમારા (૨) મેરી જ્યોત જગાવો...દિ.
અપરિચિત અંધારાના દરિયા (૨) હે પ્રભુ ! દુખ ટાળો...દિ.
નિરખી રહું હું નિજને નિશ દિન (૨) એ દાનો ઉપજાવો...દિ.
સ્વામી સાચુ જ્ઞાન કરાવી (૨) સત માર્ગ સમજાવો...દિ.
'સંતશિષ્ય' પામે તુજ મહિમા (૨) એક કૃપા વરસાવો...દિ.

૫૫ 'દર્શન દે.'

(ધુન—સોહુધામ સતાં સતાં રે)

દરશન દે પ્રભુ ! દરશન દે—
હે દુખ હર દયાળુ દિલ દે—દેવ એને દરશન દે દે.
[illegible]

સુર અસુર પશુ પક્ષી થયો,
વળી ભમિયો નર ભવમાંય રે, દેવ૦
આંખે અંજન અવિદ્યાના ભર્યાં,
કદી કીધા ન દર્શન ક્યાંય રે, દેવ૦ ૩
સૂક્ષ્મ બાદરની યોનિ અનેકમાં,
વિધ વિધ ધરિયા વેશ રે, દેવ૦
ત્રસ સ્થાવર ભવે ત્રાસ સહ્યા,
પણ ઝાંખી ન થઇ લવ લેશ રે, દેવ૦ ૪
જપ તપ યોગની સાધના,
પ્રભુ! આચરી અપરંપાર રે, દેવ૦
દૃષ્ટિ ન પ્રગટી દેવપ્રભુની,
નવ દીઠા દિલ ભગ દિલદાર રે, દેવ૦ ૫
પાઠ પૂજન ક્રિયા કોડ કરી,
દેવ! દર્શન વિના સહુ ફોક રે, દેવ૦
દર્શનથી 'સંતશિષ્ય' તણાં,
સર્વે ટળશે સંતાપ ને શોક રે, દેવ૦ ૬

૫૬ 'રમત રમવી નથી.'

(રાગ—ભૈરવી)

દૂર કર પ્રભુ! રોઉં છું, મારે રમત રમવી નથી,
આ નયન બંધન છોડ તું, મારે રમત રમવી નથી. ટેક.
ખાધું પરમ-રમતો સદા, કીધું પરમ રમ કૂપને,
અનુભવ મને અવશો થયો, એવી રમત રમવી નથી. દૂર૦ ૧
આંધી નયન બંધન મને, મૂક્યો વિષમ મેદાનમાં;
અટવ્યું થઈ આગમ્ય ત્યાં, એવી રમત રમવી નથી. દૂર૦ ૨
મારે વિજન થયું અટકવું, સહુ નયનને ભાળી કરી,
ભાગ્યા અનંતા રમતને માર દઈ રમવી નથી દૂર૦ ૩

આધારનું છે કર્યાં સખી, એવી નયનનાં બંધનેઃ
આવે ન આવે તે પછી, એવી રમત રમતી નથી...દુર૦ ૪
હું 'આવ આવ' આવકાર કરતો, એ નહિ આવી શકે;
વિણ લક્ષ આધારનું તણી, માટે રમત રમતી નથી ..દુર૦ ૫
હું આપીને ઉત્સુક છું. [illegible] વિભુ પ્રભાતનાં
આ લક્ષ વિભુ [illegible] રમતને રમતી નથી ..દુર૦ ૬
હે નાથ! [illegible] ત્રિવિધનાં
એ [illegible] રમત કરે રમતી નથી ..દુર૦ ૭
નથી સહન થી શકતો પ્રભુ! તારા વિરહની વેદનાઃ
હે દેવ' તુજ દર્શન વિના, માટે રમત રમતી નથી ..દુર૦ ૮
નથી [illegible] રમત છે,
[illegible] માટે રમત રમતી નથી ..દુર૦ ૯
[illegible]
[illegible] રમત રમતી નથી ..દુર૦ ૧૦
ત્રિભુવન [illegible]
[illegible] રમત રમતી નથી..દુર૦ ૧૧

---

૫૬ 'પ્રભુ આવોને.'

[illegible] પ્રભુ આવોને

[illegible]
[illegible]
[illegible]

મે જ્યોત જગાવી છે પ્રેમની પ્રભુ૦
વીર વેર્યાં આનંદ ફૂલ. મારા૦ ૧
મને વ્યાપી વિરહ તણી વેદના પ્રભુ૦
મારાથી ખમી ન ખમાય; મારા૦
તમે આવો નમેરા કેમ થયા પ્રભુ૦
આ જીવડો તુમ વિણ જાય૦ મારા૦ ૨
મારે) એક ઘડી યુગ યુગ થઇ પ્રભુ૦
દેવ દરશન દેવાને દયાળ; મારા૦
જેમ જળ વિણ તરફડે માછલી પ્રભુ૦
હરિ એવા છે મારા હવાલ. મારા૦ ૩
(મારી) રડી રડી આંખ થઈ રાતડી પ્રભુ૦
રોમ રોમ વ્યાપ્યો ઉન્માદ; મારા૦
(હે) પ્રેમનિધિ પ્રેમ પ્રગટાવવા પ્રભુ૦
મને પાવન કરો ધરિ પાદ૦ મારા૦ ૪
(તમે) મારા નયનના તારવા પ્રભુ૦
(મારા) હૈયાના અમુલખ હાર; મારા૦
(આ) ત્રિવિધ તાપને ટાળવા પ્રભુ૦
'સંતશિષ્ય' તણા શણગાર. મારા૦ ૫

---

૫૮ 'શ્રી વીર પ્રભુ.'

(રાગ—શામળા ગીરીધારી)

વીર પ્રભુ ' કર્મ [illegible] પ્રભુ' [illegible] અવતાર રે.
પ્રભુ ' [illegible] નિશાન રે
સાખી [illegible]
[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

દેવ દયાળુ દયા કરી મુજ સાંભળો,
    તુજ વિણુ ક્યાં જઈ પોકારું સંતાપજો.........પાર્શ્વ

પૂરવ પુણ્યે માનવ તન હું પામીયો,
    પણ ના જાણ્યું તેનું મૂલ્ય અમૂલ્ય જો;
પ્રજાપતિને કર જેમ હીરો લાધીયો,
    બાંધી ગર્દભ કંઠે કરીયો ધૂળ જો.........પાર્શ્વ

જગ છેતરવા ઢોંગ કરું વૈરાગ્યનો,
    રંજન કરવા લોક કરું વ્યાખ્યાન જો;
જ્ઞાન રહિતના ભણતરનો ઉપયોગ શો!
    વાદવિવાદે ખોયું સત્ સન્માન જો.........પાર્શ્વ

વાણી તો પરનિંદા દોષ થકી ભરી,
    વિષયોનું દૃષ્ટિમાં ભરિયું ઝેર જો;
કુષ્ટ વિચારે મનડું અહોનિશ રાચતું,
    પામું ક્યાંથી પ્રભુ તમારી મ્હેર જો!.........પાર્શ્વ

શરીરે આથમતાં સુધી પાપમાં,
    જીવન વિતાવ્યું જાણ્યો ના કંઈ ધર્મ જો;
સદ્‌ગુણનાં તો સ્વપ્ને પણ દર્શન નહિ,
    અવિચારી મેં કીધાં કાળાં કર્મ જો.........પાર્શ્વ૦

દુઃખથી ત્રાસી આવ્યો શરણે નાથજી!
    રાખ! રાખ! ઓ દીન દયાળુ દેવ જો;
સ્વર્ગ અને અપવર્ગ તણાં સુખ ના ચહું,
    ફક્ત ચહે છે તુજ પદ કેરી સેવ જો.........પાર્શ્વ

સદાનંદી મુનિશ્રી છોટાલાલજી મહારાજ

૬૧ 'અન્તર્યામી દેવ'.

([illegible])

[illegible]
[illegible] ...અન્તર્યામી૦
[illegible]
[illegible]
[illegible] ...અન્તર્યામી૦ ૧
[illegible]
[illegible] ...અન્તર્યામી૦ ૨
[illegible]
[illegible] ...અન્તર્યામી૦ ૩
[illegible]
[illegible] ...અન્તર્યામી૦ ૪
[illegible]
[illegible] ...અન્તર્યામી૦ ૫
[illegible]
[illegible] અન્તર્યામી૦ ૬

— [illegible]

---

૬૨ [illegible]

[illegible]

દુરિત અનેક પી દગ્ધ થયેલા, સાહેબ અમને સુધારો,
દોષ તરફ દૃષ્ટિ ન કરશો, એ અરજી અવધારો—મહા૦ ૩
અધમ ઉદ્ધારક તારક જિનવર, વિપત અમારી વિદારો;
શુદ્ધ સ્વરૂપી સદાનંદી, નાથ ના કરશો ન્યારો—મહા૦ ૪
જેવા તેવા તોય તમારા, વિભુ અમને ન વિસારો,
સંત શિષ્યના મન મંદિરમાં, પાવન કરવા પધારો—મહા૦ ૫

૬૩ 'નાવડી'.

(રાગ-ભૈરવી દબ-મંગળ મંદિર ખોલો.)

નાવડી પાર ઉતારો, દયામય, નાવડી પાર ઉતારો. ટેક.
ભવજળ ઝોલે ડગમગ ડોલે, ભયવાનો નહિ આરો. .....દયા૦
અંગે મુજરી મતિ ગઈ હારી, નજરે પડે ન કિનારો......દયા૦
આભ ઉપર ને ધરતી નીચે, ના કોઇ સાથ કે સહારો.....દયા૦
હિંમત હાર્યું આંસું કું સારું, આશરો એક તમારો.....દયા૦
હું નિઃસાધન આપ શરણમાં, હાથ ગ્રહીને ઉગારો......દયા૦
દાસ તણાં નહિ દોષ નિહાળો, આપ વડાઈ વિચારો .. દયા૦
ગળકાં ખાતો જીવ ગભરાતો, ડુબતાને પ્રભુ! તારો......દયા૦
'વલ્લભ' વહારે નાથ! પધારો, બગડી બાજી સુધારો.. ...દયા૦

૬૪ 'સંત સમાગમ'.

કર લો કરલો કર......લો, સંત સમાગમ કરલો— ટેક.
સંત પુરૂષ સમભાવ સ્વરૂપી, ભવ-સંતાપ-શીતળ-જળરૂપી;
પૂરણ પ્રેમ પરખ લો-સંત સમાગમ કરલો. ૧
શાસ્ત્ર સિદ્ધાન્તનો સાર સુણાવે, માનવ ધર્મનો મર્મ જણાવે;
અન્તર દૃષ્ટિ વિચરલો-સંત સમાગમ કરલો... .....૨

આમાંને પાશવ-જીવન છે, પ્રગતિશીલ માનવ જીવન છે,
ઉર્ધ્વગતિ ઝટ કરો—સંત સમાગમ કરો. ૩
આત્મ નિરીક્ષણ કરતાં રહેવું, આદર્શ-જીવન ઘડતાં રહેવું,
ક્રિયાના મર્મ સમજ લો—સંત સમાગમ કરો......૪
જ્ઞાન વિના ક્રિયા અંધી જેવી, સમ્યક્ ક્રિયા વિણ પંગુ જેવી
ભાવ પ્રસારો ઝટ કરો—સંત સમાગમ કરો. ૫
સંત-પુરુષ જીવન અપનાવો ચિત્ત-શાંતિ અનુપમ પ્રગટાવો
જ્ઞાન ગંગા ઉર ધરો—સંત સમાગમ કરો ૬
"ચિત્તમુનિ"

---

૧૫ ભવિજન ! મંદિર જુઓ.

(રાગ :—જનનીની જોડ સખી નહિ જડે રે.)

ભવિજન ! મંદિર જુઓ [illegible]

[illegible]

વિષ વાસનાના જ્વાલાથી જામિ રહ્યું રે લોલ,
અહિ સંયમની શાંતિનો વિશ્રામ જો......અવિ

એક બાજુ છે ભેદની પરંપરા રે લોલ,
બીજી બાજુ અખંડ અભેધાર જો......અવિ

અમર તપતાં એ ભાવના મંદિરિયાં રે લોલ,
વિરલ 'ચિત્ત'નો એ સંત પરિવાર જો......અવિ

"ચિત્તમુનિ"

---

૬૬ ગુરુ વંદન.

વંદન કરીએ, દિલના જોડી તાર...ગુરુજી વંદન કરીએ
પાવન થઈએ, કરી હૃદય ઝંકાર...ગુરુજી પાવન થઈએ
ધરીએ ધરીએ, પ્રેમ પુષ્પના હાર...પ્રીતેથી વંદન કરીએ

અમ જીવન રસ-રાગ ભરેલા (૨)
હર્ષ-શોકના સ્વાંગ સજેલા (૨)
ક્યાં જઈ ઠરીએ! અમ જીવન આધાર...ગુરુજી વંદન

સ્વાર્થ સાધવામાં છે શરા (૨)
પરમારથમાં સાવ અધૂરાં (૨)
સામું જોશો, અભય-શરણ-દાતાર...ગુરુજી વંદન. ૨

પશુતાના સંસ્કાર સુણાવ્યા (૨)
માનવતાના મર્મ જણાવ્યા (૨)
સુદૃષ્ટિ કરજો, દિવ્ય-તેજ-અંબાર...ગુરુજી વંદન. ૩

અર્ધ-દગ્ધ અમ વ્યક્તિ જીવન છે (૨)
સામાજિક પણ ઓઘ-જીવન છે (૨)
કિરણ દેજો, ધન્ય બને અવતાર ગુરુજી વંદન. ૪

ભેદ—ક્રિયા જ્યાંયે નથી કરતી (૨)
સમજ વિના કશું નથી કરતી (૨)
ભાવે ભજો, જ્ઞાન—ક્રિયા—આધાર. ગુરુજી વંદન. ૫
ચિત્ત શુદ્ધિનો નિશ્ચય કરીએ (૨)
પુનિત પુરુષના પંથ વિચરીએ (૨)
એવું કરજો, જ્ઞાન [illegible]—અનુસાર...ગુરુજી વંદન. ૬

જિનમુનિ

૬૭ વિશ્વ વત્સલ.

(સવૈયા એકત્રીસા)

ધર્મ અમારો એક માત્ર કે "સર્વધર્મ એક." [illegible]
એક અમારે છે વત્સલતા, વિશ્વમાં [illegible]
"સકળ [illegible] વત્સલ, [illegible]"
[illegible] ૧
[illegible]
[illegible] ૨
[illegible] ૩
[illegible]

૬૮ બાળ તારો છું.

(રાગ :–કભી સુખ હૈ કભી દુખ હૈ)

પ્રભુ જેવો ગણો તેવો, તથાપિ બાળ તારો છું,
તને મારા જેવા લાખો, પરંતુ એક મારો તું.........૧.
નથી શક્તિ નીરખવાની, નથી શક્તિ પરખવાની,
નથી તુજ ધ્યાનની લગની, તથાપિ બાળ તારો છું—પ્રભુ ..૨.
નથી જપ તપ મેં કીધા, નથી કંઈ દાન પણ દીધાં,
અધમ રસ્તા સદા લીધાં, તથાપિ બાળ તારો છું—પ્રભુ...૩.
નથી કોઈ ગ્રન્થ મે વાંચ્યો, નથી મનમેલ મે ધોયો,
જીવા જગમાં અરે! મોહ્યો, તથાપિ બાળ તારો છું—પ્રભુ ..૪.
મહાવીર! દેવ, ઓ, પ્યારા, ગુના કર માફ સૌ મારાં,
જાણ્યા ઉપકાર હું તારા, તથાપિ બાળ તારો છું—પ્રભુ...૫.
દયાકર! દુઃખ સૌ કાપી, અભય દે શાંતિ પદ આપી,
પ્રભુ હું છું પૂરો પાપી, તથાપિ બાળ તારો છું—પ્રભુ...૬.
કૃપાકર! હું મુઝાઉં છું, સદા હૈયે ગીજાઉં છું,
પ્રભુ તુજ ધ્યાન ચાહું છું, સદા હું બાળ તારો છું—પ્રભુ ..૭.
ગુરૂ ઉત્સાહ આપી દેજો, સદા આનંદ મન ભરજો,
'અનંતમુનિ' વદે સ્વીકારજો, પ્રભુ હું બાળ તારો છું—પ્રભુ ..૮

---

૬૯ જાવું એકલા.

(રાગ મહાવીર પ્રભુની ધર્મ સભામાં)

[illegible] એકલા
[illegible] એકલા [illegible]
[illegible]
[illegible]

એક દિન સૌને તું છોડી જનાર, આખર જવું છે એકલા...
...જગમાં...૧

વસ્ત્રો સુંદર વિધવિધ પહેરીને,
નાચ્યાં તખ્તાં [illegible] કરીને,
મોહમાયામાં થયો ખુવાર, આખર જવું છે એકલા...જગમાં...૨

મિત્રો ને વ્હાલાં સાથે ના આવશે,
સુભાગી સ્ત્રી પણ પાછળ ના આવશે.
મોટરમાં બેસી ગયો તું અસવાર, આખર જવું છે એકલા...
...જગમાં ...૩

[illegible]
[illegible]
[illegible] નિરધાર, આખર જવું છે એકલા...જગમાં ...૪

પ્રભુની સેવા કરી લે આતમ,
નિર્મળ ભક્તિ [illegible]
"અજિતમુનિ" [illegible] આખર જવું છે એકલા...
જગમાં...૫

૭૦ એક દિન જવું છે.

([illegible])

૭૬ ખુમારી શાને!

(રાગ કર્મો ભૂલાવે મુજને)

જાદુ ભરેલ જગમાં, ખોટી ખુમારી શાને!
રંગે ભરી રમતમાં, ખોટી ખુમારી શાને!...૧
મગ્યાની મોજ માણી, ગઈ એમ જીંદગાની,
સુત વિત્ત ને સગાંની, ખોટી ખુમારી શાને!...૨
મોટાઈ મનમાં માની, ફરતો બહુ ચમનમાં,
અભિમાન ઉર આણી, ખોટી ખુમારી શાને!...૩
ફરજો તજી જીવનની, તજી આશ માન ધનની;
થાવાની ભસ્મ તનની, ખોટી ખુમારી શાને!...૪
મોજે તણી બહારે, જાણ્યું નહિ લગારે,
જાવાનું છે સવારે, ખોટી ખુમારી શાને!...૫
સત્તા ધરીને શાણો, તેમાં બને છે દાનો,
તત્પર રહ્યાં મસાણો, ખોટી ખુમારી શાને!...૬
સ્વપ્ના સરીખી માયા, છોડી જવું છે કાયા,
'જયંતમુનિ' એ ગાયા, ખોટી ખુમારી શાને!...૭

---

૭૭ 'નિત્યકર્મ.'

(રાગ—અમે તો સુરજના છડીદાર)

અમે તો નાના કોમળ બાળ, અમારો નિત્ય કર્મનો ક્રમ.
સવારમાં વહેલા ઉઠીને, પ્રભુ નામને લઈશું,
માતપિતાને વંદન કરીને, આશીષ તેના લઈશું...અમે
ગુરુદેવને વંદન કરવા, ધર્મસ્થાનમાં જઈશું,
પ્રભુ વચન એ નિગ્રંથોનો, પાઠ મુખેથી વદશું ..અમે
[illegible] ભણીશું, શિક્ષકનું માનીશું.
[illegible] કરી મગીને રહીશું અમે

સાંજે નિશાળેથી છુટી, ધરતી તરફ જાશું,
સૂર્ય અસ્ત પહેલા જમીને, પ્રભુ પ્રાર્થના કરશું...અમે...૪
સૂતી વખતે શાંત ચિત્તથી, માળા ફેરવી લઈશું,
સવારના વહેલા ઉઠીને, નિત્યક્રમ આચરશું...અમે...૫
બાળકનો આ નિત્યક્રમ છે, બાળક સૌએ કરીશું,
"જયંતમુનિ" ભૂલ કરી તો, માફી તેની લઈશું...અમે...૬

---

૭૮ મનુષ્ય ભવ.

(રાગ : ગાયેજા ગીત મીલનકે)

મળ્યો મનુષ્યભવ ભારી, મહા મૂલ્ય ધારી,
પ્રભુને ભજી લે તું ઘડી ....ટેક
લાખો વારી ગતીમાં મહામૂલ્ય, તેવું ન પામું ફરી,
કાળ નમાળ્યો ખાઈ વાસ્યાં, તોય ના સમજ્યો હરિ
મોહ ને માયા છોડી, ભજનમાં ચિત્ત જોડી......પ્રભુને...૧
બાલ્યભાવ રાખ્યો નહી પણ, પ્રભુથી ન ડરીયે,
સાધન સંપત સર્વ ભર્યાં પણ, પરમારથ વિસરીયે,
તન મન ધન સૌ છોડી, ભક્તિમાં મન જોડી......પ્રભુને...૨
માત પિતા ને પત્ની સર્વે, પુત્ર અને દિકરી,
અંત સમય સૌ આગળ રોઈ, વાત સમજને ખરી
સ્વાર્થ સૌને છોડી, હાર પ્રભુમાં જોડી......પ્રભુને...૩
[illegible]
[illegible]
[illegible] ......પ્રભુને...૪
[illegible]
[illegible]
[illegible]

---

૭૬ જેવી કરણી.

(રાગ . મારી હુંડી સ્વીકારો મહારાજ રે)

જેવી કરણી કરે તેવા ફળ રે, મનવા વિચારો;
તેવા ભોગવે સુખ ને દુઃખ રે, મનવા વિચારો.

સાખી:—એક ઘરે ગીત ગાય છે, બીજે રડે ચોધાર,
એક ઉદરમાં જનમીયાં, તેનો જોઇ કરો મન ખ્યાલ રે.
મનવા...૧

એક હાથીએ બેસતો, બીજો માગે ભીખ,
એક રાજા સુખ ભોગવે, બીજો ભટકે છે દેશવિદેશ રે
મનવા...૨

એક મીઠાં ભોજન કરે, બીજાને નહિ ધેંશ;
એકને માન ઘણું મળે, બીજાનું ન લે કોઇ નામરે,
મનવા...૩

એક આભૂષણ પહેરતો, બીજાને નહી વસ્ત્ર;
એક ઘરે રમે બાળકો, બીજાને નહિ વશ રે...મનવા...૪

માટે ગર્વ કરશો નહિ, જીવ કરજે તું વિચાર,
ફળ કરણીના જાણજે, શુભ કરણી વિના સુખ ન લગાર રે...
મનવા...૫

પ્રભુ સાથે પ્રિત જે કરે, તે પામે ભવપાર,
પુન્યનું ભાથું બાંધતા, રહો સદા સાવધાન રે...મનવા...૬
અવસર આવો નહિ મળે, સમજી લે તું સાર;
"જયંતમુનિ" ભક્તિ કરે, ઉર એકજ છે અભિલાષરે.
મનવા...૭

---

૮૦ જીવ, તું જાગ!

(રાગ :–જીવનરે રંગ બદલતું જાય–)

જીવડા જાગું જરૂર તું જાગ (૨)
          મારે પ્રભુને તું પીછાણ (૨) જીવડા..........૧
ગરીબીથી આવ્યો પાછો માટીમાં મળનાર (૨)
લાગ્યું લક્ષ્મી સાથ ભજતાં (૨) મેલીને ઘરબાર...જીવડા...૨
સર્વ સંબંધી સ્વજન બધુ, સ્વારથનો પરિવાર (૨)
તે સઘળું અહિંયા રહેવાનું (૨) જવી જો નિરધાર...જીવડા...૩
મમતા, માયા, મા કર જીવડા, ક્ષણિક આ સંસાર (૨)
સ્વપ્ન સરીખી દુનિયામાં તું (૨) કેમ કર ફરે ભુવાર...જીવડા...૪
વિષય વાસનામાં અંધો થઈ, બની ગયો ગમાર (૨)
ચાર દિવસની ચાંદનીમાં (૨) ખોવે તું અવતાર...જીવડા...૫
માનવ દેહ મળ્યો છે ઉત્તમ. કર તારો ઉદ્ધાર (૨)
નિદ્રા છોડી, જાગી જોરે (૨) ધર્મ કર સવારે...જીવડા...૬
ક્રોધ, લોભ, મત્સરને છોડી. પ્રભુની કર તું પ્યાર (૨)
*વસંત મુનિ ગુરુ જ્ઞાનથી (૨) ઉતરે ભવની પાર...જીવડા...૭

---

૮૧ બાળકો.

(રાગ –ઓલમા ઓલમા ઓલમા રે.)

[illegible]
[illegible]
[illegible]
[illegible]

દુખી જીવોની અમે સેવા કરીશું, અંતરમાં આતમના જાગશું રે ...અમે ..૪
ધર્મની શ્રદ્ધાને મક્કમ રાખીશું, તેની માટે અમે મરશું રે ..અમે ..૫
દયા ને દાનને નહીં ભૂલીશું, મારાં કુળ શ્રી તરશું રે ..અમે ..૬
હળી મળીને અમ મિત્રો રહીશું, સત્યના પંથમાં વિચરશું રે ..અમે ..૭
કુસંપ, વ્યસનો ને છોડી દઈશું, સજ્જનતામાં સૌ ફરશું રે ..અમે ..૮
પ્રભુના નામની ધુન જગાવશું, પાપોના મેલને હરશું રે...અમે ..૯
પ્રભુની વાણી હૃદયે ઉતારીશું, મોક્ષના ધામને વરશું રે...અમે...૧૦
"જયંતમુનિ" કહે સન્તોષ કરીશું, જીવન તેથી સુધારશું રે ...અમે. .૧૧

---

૮૨ પ્રભુ ભજ તું.

(રાગ કભી સુખ દે કભી દુ:ખ દે)

અરે! જીવ જાણુ જાતુ છે, પ્રભુ ભજ તું, પ્રભુ ભજ તું;
કાળનો દાસ થાતું છે, પ્રભુ ભજ તું, પ્રભુ ભજ તું...૧

ગયો શું રાચી કાયામાં, અને સંસાર માયામાં;
પડ્યો છે પાપ પાયામાં, પ્રભુ ભજ તું પ્રભુ ભજ તું ..૨

વિષયમાં અંધ ના બન તું, આતમનું જ્ઞાન મન ધર તું,
બની મસ્તાન પ્રભુ ભજ તું, પ્રભુ ભજ તું, પ્રભુ ભજ તું ..૩

પિતા માતા [illegible] કે [illegible] ના,
પ્રભુને [illegible] ભજ તું ..૪

[illegible]
[illegible] પ્રભુ ભજ તું ..૫

આતમની શુદ્ધતા કરવા, અખંડ શક્તિથી વશ કરવા.
મનુષ્ય જીવન સફળ કરવા, પ્રભુ ભજ તું, પ્રભુ ભજ તું...૬
ઠરે ના ધાર કષાયે, તજી દે દ્વેષ માયાને
ભક્તિ અંતર ભરવાને, પ્રભુ ભજ તું, પ્રભુ ભજ તું...૭
"જયંતમુનિ" કરે(કર) જોડી, સહુ જંજાળને છોડી
પ્રભુમાં મન સદા જોડી પ્રભુ ભજ તું પ્રભુ ભજ તું...૮

૮૩ જાગ રે.

(રાગ : જાગને જાદવા કૃષ્ણ ગોવાળીયા)

જાગ રે માનુષ ધર્મ [illegible]
ગુરુ વિના કોણ ઉદ્ધાર કરશે!
ધર્મનું [illegible] આજ [illegible]
વીર ને ઉદ્ધરિ, કોણ [illegible]! ...જાગરે ...૧
[illegible]
[illegible] કોણ [illegible]! ...જાગરે ...૨
[illegible]
[illegible] કોણ [illegible] ...જાગરે ...૩
"જયંતમુનિ" [illegible]
[illegible] કોણ [illegible] ...જાગરે ...૪

---

૮૪ [illegible]

... નમે [illegible] ભગવાન

આવ્યો છું હું તારે દ્વાર, આવ્યો ચરણોમાં—૧
મારી અસાર વાસના દૂર કરો,
મુજ મનમાં નિત નિત નૂર ભરો.
તારી જ્યોત છે અપરંપાર, આવ્યો ચરણોમાં—૨
આધિ, વ્યાધિ, ઉપાધિ સૌ દૂર કરો,
મારા જન્મ મરણનો નાશ કરો,
તારા વિના કોઇ નહિ આધાર—આવ્યો ચરણોમાં—૩
તારા નામનું નિશદિન ધ્યાન રહે,
મને આતમ જ્ઞાનનું ભાન રહે,
નાશે સદા અંધકાર, આવ્યો ચરણોમાં—૪
મારો ભક્તિ ભાવ સતેજ રહે,
મારા જીવનમાં તુજ તેજ રહે,
એવી ભાવના હૃદય મોઝાર, આવ્યો ચરણોમાં—૫
તારા દર્શનની આશ પ્રભુ છે ઘણી,
મારા મનમાં લાગી પ્રભુ એક ધૂનિ,
'જયંતમુનિ' ને ઉતારો પાર, આવ્યો ચરણોમાં—૬



૮૫ નાવ ઉગારો.

(રાગ:-અબ તેરે સિવા કૌન મેરા)

દયા કરો ભગવાન ભવ સિંધુ ઉતારો,
ડૂબી રહી છે નાવ પ્રભુ જલ્દી ઉગારો ...ટેક.
દુનિયાના રંગ દેખી પ્રભુ આપને ભૂલ્યો,
માયા ને મોહમાં પ્રભુજી હું સદા ફુલ્યો,
સત્ માર્ગ બતાવો પ્રભુજી પાપ મૂકાવો ડૂબી. ૧.
અંધો બની અજ્ઞાનથી કુપથમાં ચાલ્યો,

માન, મદ, લોભ, ક્રોધથી પ્રભુ બચાવો,
સંકટ સહુ મુજ પ્રભુ આપ નિવારો...દુઃખી...૨.

અનંતકાલ ભટકી ભમી જન્મ ગુમાવ્યો,
સંસાર દાવાનળ મહીં ખૂબ બળાયો,
હાથગ્રહી પ્રભુ મારો જન્મ સુધારો ..દુઃખી...૩.

દાન, શિયળ, તપ ભાવમાં રત રહું,
દયા, પરોપકાર સદા દિલમાં ધરું,
એજ ભાવનાના રહે શુદ્ધ વિચારો...દુઃખી . ૪.

વિષય, ભોગ, વાસનાથી દૂર હટાવો,
રોગ, શોક, જન્મ, જરા દૂર હટાવો,
'જયંતમુનિ' દાસ બને આધાર તમારો .દુઃખી...૫.

---

૮૬ ભાવે ભજો.

(રાગઃ—જાગજે જાગજે જીવડા જાગજે રે)

ભાવે ભજો તમે ભગવાનને રે, સુખનું મોક્ષનું નિદાન ..ભ. રે...૧.
[illegible] ...ભ. રે ..૨.
[illegible] ..ભ. રે...૩.
[illegible] ...ભ. રે...૪.
[illegible] ...ભ. રે ..૫.
[illegible] ..ભ. રે...૬.
[illegible] ભ. રે ..૭.
[illegible] ભ. રે ..૮.
'જયંતમુનિ' [illegible]

૮૭ ભૂલી ગયો !

(રાગ —આંખી તું આજે દિલમેં એક શાન બન ગયા)

ભુલી તું તારી જાતને બેભાન થઈ ગયો !
માયાની જાળમાં ફસી ગુમાન કર ગયો ! ..ભુલી...૧
જડ દેહને તે આત્મસ્વરૂપ માની મન લીધુ,
દિનરાત ખાનપાન કામકાજ લીન કીધુ;
પાણીમાં દુધ પેર એક જાન થઈ ગયો !...ભુલી...૨
વિષયોને જોઈ જોઈ હામે મોઝાય છે,
દીપકમાં જેમ પતંગ જઈ જઈ સમાય છે.
વિના વિચારથી સદા નાદાન થઈ ગયો !...ભુલી ..૩
ફરી પૂણ્ય પાપ સ્વર્ગ નર્ક ભોગવે ફરી,
ધરે જન્મ વાર વાર ફરી તૃષ્ણા સહચરી,
પીને તું મોહરૂપ સુરા બેભાન થઈ ગયો !..ભુલી ..૪
સત્સંગમાં મળી સદા દિલમાં વિચારી જો,
નિજ ભાનમાં નિજ સત્ય રૂપને નિહાળી જો;
થશે સદ્ગતિ જ્યાં ઉદય જ્ઞાનનો થઈ ગયો ભુલી. ..૫

મુનિ જયંતીલાલજી

---

૮૮ વીર સિપાહી.

ચાલો બનીએ વીર સિપાહી, ચાલો બનીએ વીર સિપાહી.
શસ્ત્રસજ્જ સિપાહી જોયા, જોયા કંઈ ઝગમગતા.
આપણે બની મહાવીર સૌ, બનીયે સામા મોટા.
ચાલો બનીએ વીર સિપાહી .
ઋષભદેવ ને મહાવીર જેવા જોયા સૌ ઐતિહાસીક વીરો,
એથી કંઈક વધુ બનવા, ચાલો બનીએ વીર સિપાહી..

એક ફૂલ ને વિજય કરવામાં, એક નજર ને પંથ સિદ્ધિમાં,
એક નિશાન ને એક શાખ શું આગળ વધીએ આગળ વધીએ;
ગાજો અજીમ વીર સિપાહી. ૩

મુનિ જયંતિલાલજી.

---

૮૯ પ્રભુ ભજી લે.

(રાગ :—એક દિલકે ટુકડે હજાર હુએ)

જાવું એકદા તને અહા, અરે! તું પ્રભુ ભજી લે ધન્ય ઘડી.
જીવનના ખોટાં ખેલ ત્યજી, તું પ્રભુ ભજી લે પ્રેમ ભરે—જાવું.
જીવનના સાગરમાં તું જોને, સમજ્યો છું તારો સાથી ખરો,
એ આમાં કે સૌ મતલબના રસ, ના કોઈ સદાનો સથવારો—જાવું.
માયાની લાગે કાયા રૂડી, પણ ભીતરમાં એ છે ભૂંડી,
શાને ઉલેચો આળકૂડી, ગુમાવો જીવનની મૂડી—જાવું.
કોઈ આજ મરે કોઈ કાલ મરે, તૈયારી કોઈ કંઈ ન કરે,
'શાયર' વિનવે કર જોડીને, શાને સૌ જીવન એળે કરે—જાવું.

—લાભશંકર વેણીશંકર રાવલ (શાપર)

---

૯૦ સંસારીને.

(રાગ :—અમે મુંબઈના રહેવાસી)

પંચ તત્વની માયાના સૌ રમકડાં નરનારી,
એ કહેવાયાં સંસારી.
કરો કામના ... પાકું દિલડું એક,
જાગવજો એને નહિ તો જીવન જાગે છેક;
... ચિનગારી
... સંસારી

આધિ વ્યાધિ ને ઉપાધી અનેકોએ વિંટાય,
મોહ, લોભ ને મત્સર, માયાથી એ નિત રીબાય,
જીવન એ ભોગી ભારી
ભોગવજે રે સંસારી.
શ્રદ્ધા ખુટે, હિંમત ખુટે, સામો જીવનના પથ તૂટે,
સ્વાર્થી સપનાં તમને લૂટે, તોય જગે ના હારી,
સાંભળજે રે સંસારી.
એક અખંડ વિશ્વ જગમાતા વત્સલ પ્રેમ પ્રકાશ,
સંસારી, સન્યાસી સૌની એકજ છે અભિલાષ,
એનરે 'સાગર' સૌ નરનારી,
પ્રભુ પ્યારાં ઓ! સંસારી.
—લાભશંકર વેણીશંકર રાવલ (સાગર)

---

૯૧ તેજ વિલાયું.

(રાગ : આજ તેરે બિના)

જીવન તણા પથે પથે અંધારું રેલાયું,
આતમ તણા દીપકનું બધું તેજ વિલાયું—ટેક.
જ્યાં જાઉં ત્યાં દમે મને પચરંગી વાસના,
જુઠા જગતની જુઠી મીઠી ભાવના,
એ પ્રેમ સ્નેહ માંહીં ખરું ખેલ સમાયું,
આતમ તણા દીપકનું બધું તેજ વિલાયું—જીવન.
આવો બચાવો કોઈ મને વિરાગમાં,
ડૂબ્યો અહીં હું પાપી જગની જંજાળમાં,
આફત મંદ મંદ બની દિલ ચિરાયું,
આતમ તણા દીપકનું બધું તેજ વિલાયું—જીવન.

પ્રભુ! મેલ્યો દેહ જન્મોજન્મ તો હવે,
સાચું શરણ હું તારું જ્યોતિ હવે ધરો,
જ્યારે હશે હે નાથ! હવે તૂટતું આયુ,
'શાયર' તણા દીપકનું બધું તેજ વિલાયું—જીવન.

—સોમશંકર વેણીશંકર રાવલ (શાયર)

---

૯૨ પ્રેમ–પૂજા !

(મેરા દિલ તોડને વાલે...)

ભૂલીને ભાવના ભક્તો, પૂજે પાષાણના દેવો,
મળીને એકનો રસ્તો, ખરે વહેવાર આ કેવો!...ભૂલીને.
જુઓ આ માનવી મેળા, ફરે આડે ધડે એવો,
